**મહિલા એશિયા કપ**

# ભારતે મૂક્યો 160 રનનો લક્ષ્યાંક

**ભારતીય** મહિલા ટીમની મજબૂત શરૂઆત બાદ થાઈલેન્ડની સ્પિનરો સામે મધ્યમ ક્રમનો અણધાર્યો ધબડકો

**શેફાલી** વર્માના ધમાકેદાર 64 રન



દુબઈ, તા. 30 (પીટીઆઈ): દુબઈમાં રમાયેલી વિમેન્સ એશિયા કપની ભારતની પ્રથણ મેચમાં શેફાલી વર્માની ધમાકેદાર 64 રનની ઈનિંગ અને અંતિમ ઓવરોમાં ક્રાંતિ ગૌડની આક્રમક બેટિંગના સહારે સાત વખતની ચેમ્પિયન ભારતીય ટીમે થાઈલેન્ડ સામે 20 ઓવરમાં 9 વિકેટે 159 રન બનાવ્યા હતા. મેચમાં ટૉસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે વિસ્ફોટક શરૂઆત કરી હતી અને માત્ર 10 ઓવરમાં જ 100 રનનો આંકડો પાર કરી લીધો હતો. સ્મૃતિ મંધાનાએ પ્રથમ ઓવરમાં જ ત્રણ ચોગ્ગા ફટકારીને 13 રન બનાવ્યા હતા, પરંતુ 10 બોલમાં 19 રને રન આઉટ થઈ હતી.

બીજી બાજુ, ઓપનર શેફાલી વર્માએ થાઈલેન્ડના બોલરોની ધોલાઈ કરતા માત્ર 26 બોલમાં પોતાની કારકિર્દીની 19મી T20I ફિફ્ટી ફટકારી હતી. શેફાલીએ માત્ર 36 બોલમાં 8 ચોગ્ગા અને 3 ગગનચુંબી છગ્ગાની મદદથી 64 રનની તોફાની ઈનિંગ રમી હતી અને ભારતને સરળતાથી 200 રનથી વધુના સ્કોર તરફ દોરી જતી દેખાઈ રહી હતી. ડેબ્યૂ કરી રહેલી પ્રતિકા રાવલે 18 બોલમાં 22 રનનું યોગદાન આપ્યું હતું, પરંતુ તે સુલેપોર્ન લાઓમીની ઘાતક બોલિંગમાં લેગ સ્ટમ્પ પર બોલ્ડ થઈ ગઈ હતી.

10 ઓવર સુધી 100/2ના મજબૂત સ્કોર પર રહેલી ભારતીય ટીમનો મધ્યમ ક્રમ થાઈલેન્ડની સ્પિનરો સામે અચાનક ધારાશાયી થયો હતો અને માત્ર 21 રનના ગાળામાં જ મહત્વની 4 વિકેટો ગુમાવી દીધી હતી.

થાઈલેન્ડ તરફથી લેગ સ્પિનર સુલેપોર્ન લાઓમીએ સૌથી વધુ ઘાતક બોલિંગ કરતા 26 રન આપીને 3 મહત્વની વિકેટ ઝડપી હતી. લાઓમીએ એક જ ઓવરમાં સળંગ બે બોલ પર શેફાલી વર્મા અને રિચા ઘોષને આઉટ કરીને મેચનું પાસું પલટી નાખ્યું હતું.

કેપ્ટન હરમનપ્રીત કૌર માત્ર 5 રન બનાવીને પથ્થાવંગનો શિકાર બની હતી, જ્યારે 150મી T20I રમી રહેલી દીપ્તિ શર્મા પણ 5 રન બનાવીને રન આઉટ થઈ ગઈ હતી.

ઑફ સ્પિનર સુનિદા ચતુરોંગરાત્નાએ પણ શાનદાર બોલિંગ કરતા 31 રન આપીને 2 વિકેટ મેળવી હતી.

ભારતીય ટીમ એક સમયે 137 રનમાં 9 વિકેટ ગુમાવીને ભારે સંકટમાં મુકાઈ ગઈ હતી, પરંતુ અંતિમ ઓવરોમાં ક્રાંતિ ગૌડે માત્ર 8 બોલમાં 1 અણનમ ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી ઝડપી 15 રન ફટકારીને ટીમને 159 રનના સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી દીધી હતી.

# શ્રીલંકા પાસેથી મહિલા ચેમ્પિયન્સ ટ્રોફીની મેજબાની છીનવાઈ

**બોર્ડ** સંચાલનમાં રાજકીય હસ્તક્ષેપ હોવાથી ICCએ આકરા પગલાં લીધા

**આગામી** બોર્ડ બેઠકમાં નવા મેજબાન દેશની થશે પસંદગી




નવી દિલ્હી, તા. 30: ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) અને શ્રીલંકા ક્રિકેટ બોર્ડ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા વિવાદના કારણે શ્રીલંકાના ક્રિકેટ જગતને ફરી એકવાર મોટો આંચકો લાગ્યો છે. આઈસીસીએ વર્ષ 2027માં યોજાનારી પ્રથમ આઈસીસી મહિલા ચેમ્પિયન્સ ટ્રોફીની મેજબાની શ્રીલંકા પાસેથી પાછી ખેંચી લેવાનો કડક નિર્ણય કર્યો છે. 14થી 28 ફેબ્રુઆરી દરમિયાન રમાનારી આ 6 ટીમોની ટૂર્નામેન્ટ માટે હવે નવા મેજબાન દેશની પસંદગી આઈસીસીની આગામી બોર્ડ બેઠકમાં કરવામાં આવશે.

આઈસીસી દ્વારા લેવાયેલા આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ શ્રીલંકા ક્રિકેટ બોર્ડના સંચાલનમાં સતત વધી રહેલો સરકારી અને રાજકીય દખલ છે. હાલમાં શ્રીલંકા ક્રિકેટનું સંચાલન દેશની સરકાર દ્વારા ગઠિત કરવામાં આવેલી 'ટ્રાન્સફોર્મેશન કમિટી' કરી રહી છે. આઈસીસીના બંધારણ અને નિયમો અનુસાર કોઈપણ દેશના ક્રિકેટ બોર્ડનું સંચાલન સંપૂર્ણપણે સ્વાયત્ત અને સ્વતંત્ર હોવું જોઈએ, જેમાં કોઈ સરકારી હસ્તક્ષેપ સાંખી લેવામાં આવતો નથી.

ટ્રાન્સફોર્મેશન કમિટીના સચિવ પ્રકાશ શેફતરે આ સમાચારને સમર્થન આપતાં જણાવ્યું હતું કે ટૂર્નામેન્ટને શ્રીલંકાથી બહાર ખસેડવામાં આવી છે. જોકે, નવું આયોજન કયા દેશમાં થશે તે હજુ આઈસીસી દ્વારા નક્કી કરાયું નથી. નોંધનીય છે કે આ અગાઉ પણ સરકારી દખલના કારણે જ શ્રીલંકા પાસેથી 2024ના અંડર-19 પુરુષ વિશ્વકપની મેજબાની પણ છીનવી લેવામાં આવી હતી.

# મુકેશ-સરકારની ઘાતક બોલિંગ: સેન્ટ્રલ ઝોન 266 રનમાં ઓલઆઉટ

**મુકેશ** અને સરકારે 3-3 જ્યારે શમીએ 2 વિકેટ ઝડપી

**રિંકુ** સિંહે ધૈર્યપૂર્વક રમી 60 રન બનાવ્યા





બેંગ્લુરૂ, તા. 30 (પીટીઆઈ): દુલીપ ટ્રોફીની સેમિફાઈનલના પ્રથમ દિવસે મુકેશ કુમાર અને અભિજીત સરકારની શાનદાર બોલિંગની મદદથી ઈસ્ટ ઝોને સેન્ટ્રલ ઝોનને પ્રથમ ઈનિંગ્સમાં 266 રનમાં ઓલઆઉટ કરી દીધું છે.

ઈસ્ટ ઝોનના કેપ્ટન ઈશાન કિશને ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો, જે સચોટ સાબિત થયો હતો. મુકેશ કુમારે (56 રન આપીને 3 વિકેટ લીધી હતી) અને અભિજીત સરકારે (38 રન આપી 3 વિકેટ) 3-3 વિકેટ ઝડપી હતી. જ્યારે મોહમ્મદ શમી (42 રન આપી 2) અને મોહમ્મદ કૌનૈન કુરૈશીએ (49 રન આપી 2) 2-2 વિકેટ મેળવીને સેન્ટ્રલ ઝોનની ઈનિંગ્સને 80.1 ઓવરમાં જ સમેટી લીધી હતી.

સેન્ટ્રલ ઝોન તરફથી રિંકુ સિંહે (60 રન, 88 બોલ) અડધી સદી ફટકારી હતી અને ઓપનર આર્યન જુયાલે 46 રનનું યોગદાન આપ્યું હતું. 125 રનમાં 5 વિકેટ ગુમાવ્યા બાદ રિંકુ અને હર્ષ દુબે (27) વચ્ચે છઠ્ઠી વિકેટ માટે 55 રનની ભાગીદારી થઈ હતી. અંતમાં યશ ઠાકુરે 26 બોલમાં ઝડપી 30 રન બનાવીને ટીમને 266 સુધી પહોંચાડી હતી.

### દુલીપ ટ્રોફીમાં સૌથી નાની વયનો કેપ્ટન બન્યો સૂર્યવંશી



માત્ર 15 વર્ષની ઉંમરે વૈભવ સૂર્યવંશી દુલીપ ટ્રોફીમાં કેપ્ટનશીપ કરનાર સૌથી યુવા ખેલાડી બનીને ઇતિહાસ રચ્યો છે. સેન્ટ્રલ ઝોન સામેની સેમિફાઇનલમાં 19મી ઓવરમાં કેપ્ટન અને વિકેટકીપર ઈશાન કિશનને કાંડામાં ઈજા થતાં વાઇસ કેપ્ટન વૈભવને કામચલાઉ સુકાન સોંપાયું હતું. વૈભવે મોહમ્મદ શમી અને મુકેશ કુમાર જેવા અનુભવી બોલરોનું નેતૃત્વ કર્યું અને 40મી ઓવરમાં એક શાનદાર ડીઆરએસ (DRS) કોલ લઈને આર્યન જુયાલને આઉટ કરાવ્યો હતો. ડીઆરએસ સફળ રહેતા તે પોતાના ડીઆરએસ લેવાના નિર્ણય પર ઘણો જ ખુશ દેખાયો હતો અને સાથી ખેલાડીઓ સાથે ઉત્સાહભેર ઉજવણી કરી હતી. ઈશાન કિશન મેદાન પર પરત ફર્યો ત્યાં સુધી વૈભવે લગભગ 20 ઓવર સુધી ઈસ્ટ ઝોનની કેપ્ટનશીપ સંભાળી હતી.



# કાવેરપ્પાની 4 વિકેટથી નોર્થ ઝોન 195 રનમાં ઓલઆઉટ

**કમરાન** ઇકબાલના લડાયક 76 રન

સાઉથ ઝોને પણ દિવસના અંત સુધી 40 રનમાં 2 વિકેટ ગુમાવી

બેંગ્લુરુ, તા. 30 (પીટીઆઈ): દુલીપ ટ્રોફીની બીજી સેમિફાઇનલના પ્રથમ દિવસે કર્ણાટકના ફાસ્ટ બોલર વિદ્વત કાવેરપ્પાની ઘાતક બોલિંગની (66 રનમાં 4 વિકેટ) મદદથી સાઉથ ઝોને નોર્થ ઝોનને પ્રથમ ઇનિંગ્સમાં 195 રનમાં જ ઓલઆઉટ કરી દીધું હતું. કેરળના એમ ડી નિધીશ (36 રનમાં 2 વિકેટ) અને સ્પિનર તનય ત્યાગરાજને (31 રનમાં 2 વિકેટ) પણ ઉત્કૃષ્ટ સાથ આપ્યો હતો.

નોર્થ ઝોન તરફથી જમ્મુ-કાશ્મીરના ઓપનર કમરાન ઇકબાલે એક છેડો સાચવી રાખીને 76 રનની (182 બોલમાં) લડાયક ઇનિંગ્સ રમી હતી, જ્યારે સુકાની કન્હૈયા વઢવાણે 35 રનનું યોગદાન આપ્યું હતું. એક સમયે સતત વિકેટો પડતી રહી હતી અને કાવેરપ્પાએ નીચલા ક્રમને ઝડપથી આઉટ કરીને નોર્થ ઝોનની ઇનિંગ્સ સમેટી લીધી હતી.

જવાબમાં રમવા ઉતરેલી સાઉથ ઝોનની ટીમે પણ દિવસના અંત સુધીમાં 40 રનમાં 2 મહત્ત્વની વિકેટો ગુમાવી દીધી હતી. અંશુલ કંબોજે અનુભવી રિકી ભુઈને (5 રન) બોલ્ડ કર્યો હતો અને ગુરનૂર બરારે શેખ રશીદને શૂન્ય પર એલબીડબલ્યુ આઉટ કર્યો હતો. હાલમાં નારાયણ જગદીસન 34 રને અને કેપ્ટન તિલક વર્મા (0) ક્રીઝ પર મોજૂદ છે. સાઉથ ઝોન પ્રથમ ઇનિંગ્સમાં હજુ 155 રન પાછળ છે.




### ઓસ્ટ્રેલિયા ટેસ્ટ સિરીઝ પહેલાં રબાડાની ઈજાથી દ. આફ્રિકા મુશ્કેલીમાં

નિસબર્ગ, તા. 30: ઓસ્ટ્રેલિયા સામેની આગામી ત્રણ ટેસ્ટ મેચની સિરીઝ પહેલા દક્ષિણ આફ્રિકાની ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના મુખ્ય ફાસ્ટ બોલર કાગીસો રબાડાને ટ્રેનિંગ દરમિયાન જમણા પગના સ્નાયુમાં (હેમસ્ટ્રિંગ) ગંભીર ઈજા (ગ્રેડ-3 ટિયર) પહોંચી છે. આ કારણે તે આગામી મહિને ઓસ્ટ્રેલિયા સામેની વન-ડે સિરીઝમાંથી બહાર થઈ ગયો છે અને ટેસ્ટ સિરીઝ પહેલાં સંપૂર્ણ ફીટ થવા માટે સમય સામે જંગ લડી રહ્યો છે.

ડોક્ટર્સના જણાવ્યા મુજબ રબાડાને સાજા થવામાં 9 થી 10 અઠવાડિયાનો સમય લાગી શકે છે, જેના કારણે તે 9 ઓક્ટોબરથી શરૂ થતી પ્રથમ ટેસ્ટ ગુમાવે તેવી પૂરી શક્યતા છે. સાઉથ આફ્રિકાના ક્રિકેટ બોર્ડ (CSA) મુજબ મેડિકલ ટીમ તેની રિકવરી પર નજર રાખી રહી છે. રબાડા 73 ટેસ્ટમાં 340 વિકેટ ધરાવતો ટીમનો મુખ્ય બોલર છે અને WTC ફાઇનલની જીતમાં તેની મહત્વની ભૂમિકા હતી. તેના વિકલ્પ તરીકે ટીમ પાસે ગેરાલ્ડ કોએત્ઝી, ક્વેના મફાકા અને લુંગી એનગિડી જેવા બોલરો ઉપલબ્ધ છે.

# સ્કવોશ: અભય સિંહે જીત્યો 13મો PSA ખિતાબ

**હોંગકોંગના** હેનરીને 5 ગેમના રોમાંચક મુકાબલામાં હરાવ્યો; આ તેનું 18મી ફાઇનલમાં 13મું ટાઇટલ



નવી દિલ્હી, તા. 30 (પીટીઆઈ): ભારતના ટોચના સ્કવેશ ખેલાડી અભય સિંહે મલેશિયામાં ટુનાકુ મુહરીઝ ટ્રોફીનું ટાઇટલ જીતીને પોતાના PSA ટુરના ટાઇટલોની સંખ્યા 13 પર પહોંચાડી છે.

નેગેરી સેમ્બિલાનમાં રમાયેલી 15,000 ડોલરની PSA ચેલેન્જર ઈવેન્ટની ફાઈનલમાં ટોચના ક્રમાંકિત અભયે ત્રીજા ક્રમાંકિત હોંગકોંગના હેનરી લેઉંગને 5 ગેમના મુકાબલામાં 11-7, 6-11, 3-11, 11-5, 12-10થી હરાવ્યો હતો.

વિશ્વ રેન્કિંગમાં 24મા ક્રમે રહેલા અભયે 59મા ક્રમાંકિત લેઉંગ સામે શરૂઆતની ગેમ જીતી હતી, પરંતુ ત્યારબાદની બે ગેમ ગુમાવી દીધી હતી. જોકે, તેણે ચોથી ગેમ જીતીને મુકાબલો 2-2થી બરાબર કર્યો અને નિર્ણાયક પાંચમી ગેમમાં 12-10થી રોમાંચક જીત મેળવી હતી.

આ સાથે અભયે 18 ફાઇનલમાં પોતાનું 13મું PSA ટુર ટાઇટલ જીત્યું છે. તે અગાઉ 2022 અને 2024માં પણ ટુનાકુ મુહરીઝ ટ્રોફીનો ચેમ્પિયન બની ચૂક્યો છે.

ફાઈનલ સુધીના સફરમાં અભયે બીજા રાઉન્ડમાં મલેશિયાના લો વા સર્નને 8-11, 11-2, 11-6, 11-2થી હરાવ્યો હતો. ક્વાર્ટર ફાઈનલમાં તેણે એમ ડી સ્યાફિક કમાલને 11-4, 11-13, 11-5, 11-5થી અને સેમિફાઈનલમાં મલેશિયાના એમિશેનરાજ ચંદરનને 7-11, 11-9, 11-7, 7-11, 11-3થી હરાવ્યો હતો.

# એક મેચમાં 4 ગોલ, 1 આસિસ્ટ, મેસીએ ફરી બતાવ્યો પોતાનો જાદુ



**ઈન્ટર** મિયામીએ મોન્ટરીયલને 7-1થી કચડી નાખ્યું

**મેસીએ** MLS કારકિર્દીમાં પહેલી વખત એક જ મેચમાં 4 ગોલ કર્યા

મિયામી, તા. 30 (એપી): લિયોનેલ મેસીએ શાનદાર પ્રદર્શન કરતાં 4 ગોલ ફટકારવા ઉપરાંત એક ગોલમાં મદદ કરી હતી, જેના કારણે ઈન્ટર મિયામીએ શનિવારે રાત્રે CF મોન્ટરીયલને 7-1થી હરાવ્યું હતું. આ સાથે મેસીએ MLSમાં પ્રથમ વખત એક જ મેચમાં 4 ગોલ કરવાની સિદ્ધિ મેળવી હતી. ઈન્ટર મિયામીએ મેચમાં 7 ગોલ ફટકારીને એકતરફી જીત નોંધાવી હતી.

4 ગોલ સાથે મેસી સિઝનમાં 18 ગોલ પર પહોંચ્યો અને FC ડલાસના પેટાર મુસાને પાછળ છોડીને MLSની ગોલ સ્કોરિંગ રેસમાં પ્રથમ સ્થાને પહોંચી ગયો છે.

મેચની 20મી મિનિટે કાર્લોસ કાસિમિરોએ ટેલાસ્કો સેગોવિયાના કોર્નર કિક પર હેડરથી ગોલ કરીને ઈન્ટર મિયામીને 1-0ની લીડ અપાવી હતી. જોકે, 37મી મિનિટે ફેબિયન હર્બર્સે મોન્ટ્રીયલ માટે ગોલ કરીને સ્કોર 1-1 કર્યો હતો.

મેસીએ 40મી મિનિટે ફ્રી કિક પરથી ગોલ કરીને ટીમને ફરી 2-1થી આગળ કરી હતી. 52મી મિનિટે બીજો ગોલ કરીને તેણે લીડ 3-1 કરી. ત્યારબાદ લુઈસ સુઆરેઝે 80મી મિનિટે મેસીની મદદથી ગોલ કરીને સ્કોર 4-1 કર્યો હતો. મેસીએ 83મી મિનિટે પોતાનો ત્રીજો અને સ્ટોપેજ ટાઈમની છઠ્ઠી મિનિટે ચોથો ગોલ કર્યો હતો. અંતિમ તબક્કે 18 વર્ષીય એલેક્ઝાન્ડર શૉએ 89મી મિનિટે ગોલ કરીને સ્કોર 7-1 કર્યો હતો.

આ જીત સાથે ઈન્ટર મિયામીની મોન્ટરીયલ સામે સતત પાંચમી જીત થઈ છે. ટીમે ઓગસ્ટનો અંત 1-2-2ના રેકોર્ડ સાથે કર્યો.

# પ્રીમિયર લીગ: ચેલ્સીની સતત બીજી જીત, ટોટેનહામનો ફ્લોપ શો

**ચેલ્સીનો** બ્રાઈટન સામે 4-3થી રોમાંચક વિજય, નોટિંગહામ સામે લિવરપૂલે અંતિમ મિનિટોમાં ડ્રો બચાવી

**સન્ડરલેન્ડે** ફુલહામને 1-0થી હરાવ્યું




લંડન, તા. 30 (એપી): ઈંગ્લિશ પ્રીમિયર લીગના સુપર સન્ડેમાં ચેલ્સીએ બ્રાઈટન સામે 4-3થી રોમાંચક વિજય મેળવી સતત બીજી જીત નોંધાવી હતી. ચેલ્સી તરફથી કોલ પાલ્મરે શાનદાર પ્રદર્શન કરતા ચોથો ગોલ ફટકારી ટીમને વિજય અપાવ્યો હતો. અગાઉ રોમિયો લાવિયા, પેડ્રો નેટો અને જોઆઓ પેડ્રોએ ગોલ કર્યા હતા. જોકે, બીજા હાફમાં સબસ્ટીટ્યુટ તરીકે આવેલા મુખ્ય મિડફિલ્ડર મોઈસેસ કાઈસેડોને માત્ર 14 મિનિટમાં ઈજા થતાં બહાર થવું પડ્યું હતું. એસ્ટન વિલાથી ટ્રાન્સફર થયેલા ગોલકીપર એમી માર્ટિનેઝે ચેલ્સી માટે ડેબ્યૂ કર્યું હતું.

બીજી તરફ, ઉનાળામાં 400 મિલિયન ડોલરનો માતબર ખર્ચ કરવા છતાં ટોટેનહામ (Spurs)નો સતત બીજો પરાજય થયો હતો. ન્યુકેસલે તેમને 2-0થી માત આપી હતી. મેનેજર રોબર્ટો ડી ઝેરબીની ટીમ હજુ સુધી લીગમાં એક પણ પોઈન્ટ કે ગોલ નોંધાવી શકી નથી. અન્ય મહત્વની મેચમાં, લિવરપૂલે અંતિમ મિનિટોમાં વિક્ટર મુનોઝના ગોલની મદદથી નોટિંગહામ ફોરેસ્ટ સામે 2-2થી ડ્રો રમી પોઈન્ટ બચાવ્યો હતો. આ મેચ દરમિયાન લિવરપૂલમાં લઘુમતી હિસ્સો ખરીદનાર રોકાણકાર અમિત ભાટિયા પણ હાજર રહ્યા હતા. ઉપરાંત, સન્ડરલેન્ડે ફુલહામને 1-0થી હરાવ્યું હતું, જ્યારે લીડ્સ અને બ્રિન્ટફોર્ડ વચ્ચેની મેચ 1-1થી ડ્રો રહી હતી.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૨ | | ૬ | | | | ૭ |
| ૯ | | | | ૩ | | ૫ | | |
| | ૫ | ૮ | | ૪ | ૯ | | ૨ | ૩ |
| ૪ | ૬ | | ૩ | | | ૮ | | ૯ |
| ૮ | ૩ | ૫ | ૯ | | | ૨ | | ૬ |
| ૨ | | | | ૮ | ૬ | ૩ | ૧ | ૪ |
| | ૨ | ૯ | | | | | | |
| ૧ | ૮ | ૬ | ૨ | ૭ | | | | |
| | ૪ | ૩ | ૬ | | ૧ | | ૮ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### મૂત્રાઘાત

સૂંઠ, મરી, લીંડી પિપર , ત્રિફલા, સરખા ભાગે લઈ તેને કુલ વજનના પ્રમાણમાં ગૂગલ સાથે ભેળવી, ગોખરુના ઉકાળામાં ગોળીઓ કરવી. રોજ બે બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે લેવી.

## આજનું પંચાંગ

**તા. 31/08/2026, સોમવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : શ્રાવણ
**તિથિ:** વદ:તીજ:08:52, શિવપૂજન, શિવમુષ્ટિ-મગ
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : શરદ
**રાષ્ટ્રિય દિનાંક** : ભાદરવા: 09
**યોગ** : ગંડ **કરણ:** બવ
**નક્ષત્ર** : રેવતી:27:25 **રાશિ:** મીન (દ.ચ.ઝ.થ.) 27:25 પછી મેષ (અ.લ.ઇ.) **દિવસ** : અશુભ - સંકષ્ટ ચતુર્થી, બોલચોથ, ઇદે મૌલુદ -મુ
**સુરતમાં સૂર્યોદય:** 06:23 **સુરતમાં સૂર્યાસ્ત** :18:55
**નવકારસી** : 07:11
**પારસી વર્ષ** : 1396 ફરવરદીન માસનો 17મો રોજ
**મુસલમાન વર્ષ** : 1448 રબિઉલ અવલ માસનો 17મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુકાળ** : સવારે: 07:30 થી 09:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** કલા સાહિત્ય, નૃત્ય વગેરે રચનાત્મકમાં નવી દિશા મળે પરિક્ષા માટે આજે અનુકૂળ દિવસ.

**વૃષભ (બ,વ,ઉ,):** પારિવારિક પ્રશ્નો માટે યોગ્ય માર્ગદર્શન મળે. વડીલોની સલાહથી લાભ, શુભ સમાચાર મળે.

**મિથુન (ક,છ,ઘ,):** તમારી બુદ્ધિ અને વ્યવહાર કુશળતાથી અટકેલા કામ પાર પડે. માનસિક અશાંતિ રહે. વિવાદ. ટાળવો.

**કર્ક (ડ,હ,):** અંગત જીવનમાં રસીક મુલાકાત થાય. મોજ શોખના ખર્ચા વધે. પડવા - વાગવાથી સાવધાન. મન અશાંત રહે.

**સિંહ (મ,ટ,):** મિત્રો સાથે સામાજિક કાર્ય થાય. વિદ્યાર્થીઓને તક મળે. નવા આર્થિક રોકાણમાં ધીરજ રાખવી.

**કન્યા (પ,ઠ,ણ,):** કાર્યસ્થળ પર સહકાર મળે. નવી તકથી પ્રભાવ વધે. ધંધામાં આવક વધે. સમાજમાં ધીરજ.

**તુલા (ર,ત,):** હાથ પરનાં કામ માટે યોગ્ય માર્ગદર્શનથી અચાનક સફળતા મળે.ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** વડીલોની સલાહ અને બુદ્ધિ શક્તિથી સરકારી કામ પાર પડે. અચાનક નવી તક મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ભાગીદારીમાં ગેર સમજ થાય. નવા કામમાં વિલંબ થાય. રોજના કામનો બોજ સતાવે. મન અશાંત.

**મકર (ખ,જ,):** આંખ વગેરે અવયવ અને માનસિક ત્રાસથી પરેશાની થઇ શકે છે. હરીફોથી સાવધાન.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પરીક્ષા કે ઇન્ટરવ્યુમાં સફળતા મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. મિત્રોનો સાથ મળશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** નવા વાહન બાબતે અનુકૂળ દિવસ રહે. મિલકતના સોદા થઇ શકે. વડીલોની મદદ મળે.

### કોઈ પણ સાલમાં 31 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રાતે નવી તકો અને સંઘર્ષ વધારનાર રહે. નોકરી ધંધામાં હરીફો વધે. સમજમાં માન વધે. પરિવારની જવાબદારી વધે.ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતીપડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સંતાનોનો કેરીયર-અભ્યાસમાં પ્રગતિ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓની મહેનત ફળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર અને પ્રેમવિવાહ ઇચ્છુકને અનુકૂળતા મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રો-વડીલોની મદદ મળે. નવા, ઘર, વાહન, મકાનની યોજના હેઠળ રહે. ટેક્નોલોજીની મદદ મળે અને નવું શિખવા મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, રવિ-સોમ-બુધવાર, 04, 13, 22, 31, તારીખે નવા કામ કરવાં નીલા રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર ડિસેમ્બર શુક્ર-શનિવાર, 07, 16, 25, તારીખે નવા કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો. રાહુના ઉપાય કરતાં રહેવું.